GJNV010006622026

Presented on : 06-03-2026
Registered on : 06-03-2026
Decided on : 09-03-2026
Duration : Y - M - D
00-00-03

**IN THE COURT OF**
**PRINCIPAL DISTRICT & SESSIONS JUDGE**
**AT ,NAVSARI**
**(Presided Over by P.J.TAMAKUWALA)**

**CRMA S/267/2026**

**Exhibit No.5**

Applicant :
VINOD JAGRAM CHANDAN KAHAR
RESI. : KURMIMPURVA, BUDATAPUR,
THANA. LALIYA, TA.& DIST. BALRAMPUR (U.P.).

**VERSUS**

Opponent:
The State of Gujarat

---

Advocate appearing for Applicant : Mr. M.A.BHAVSAR
PP appearing for Opponent: Mr.T.C. SULE

---

**Sec. 483 of THE BHARATIYA NAGARIK SURAKSHA SANHITA, 2023**

**-: ચુકાદો :-**

૧. હાલની જામીન અરજીના અરજદાર/આરોપી ચીખલી પો.સ્ટે.પાર્ટ-સી-ગુ.ર.નં.૧૧૮૨૨૦૦૯૨૬૦૨૮૪/૨૦૨૬, પ્રોહીબીશન એકટની કલમ-૬૫(એ)(ઈ), ૮૧, ૯૮(૨), ૧૧૬(૨)

મુજબના ગુનાના કામે હાલ જયુડિશિયલ કસ્ટડીમાં હોઈ અરજદાર/આરોપીએ રેગ્યુલર જામીન ઉપર મુકત થવા માટે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ–૪૮૩ મુજબ હાલની જામીન અરજી દાખલ કરેલ છે.

૨. સામાવાળા તરફે વિદ્ધાન પી.પી.શ્રી ટી.સી. સુળેનાએ હાજર થઈ આંક–૪ થી તપાસ કરનાર અમલદારનું સોગંદનામું તથા પોલીસ તપાસનાં કાગળો રજૂ કરેલ છે.

૩. અરજદાર/ આરોપી તરફે વિદ્ધાન વકીલ શ્રી એમ.એ.ભાવસાર નાઓ દ્ધારા તેમની જામીન અરજીમાં જણાવેલ વિગતો મુજબની દલીલ કરવામાં આવેલ છે. તેમની મુખ્યત્વે દલીલ છે કે, ફરિયાદમાં જણાવ્યા મુજબનો કોઈ ગુનો અરજદાર/આરોપીએ કરેલ નથી અને તેમને સદર ગુનામાં ખોટી રીતે સંડોવી દીધેલ છે. તેમને તા.૨૭–૦૨–૨૦૨૬ નાં રોજ અટક કરી વિ.ટ્રાયલ કોર્ટમાં રજૂ કરેલા અને તેઓ વિરૂધ્ધ રિમાન્ડ પ્રક્રિયા પૂર્ણ થઈ ત્યારથી તેઓ જયુડિશિયલ કસ્ટડીમાં છે. વધુમાં, તેઓ અરજીમાં જણાવેલ સરનામેનાં રહીશ છે, કયાંય નાસી–ભાગી જાય તેવા નથી, કુટુંબનાં ભરણપોષણની જવાબદારી તેમનાં શિરે છે. અરજદાર/આરોપીનો કોઈ ગુનાહિત ઈતિહાસ નથી. અરજદાર/આરોપી સામે આક્ષેપાયેલ ગુનામાં આજીવન કેદ કે ફાંસીની સજાની જોગવાઈ નથી. અરજદાર/આરોપી સામેનાં કેસનો નિર્ણય આવતા લાંબો સમય જાય તેમ છે અને જો તે દરમ્યાન જામીનમુકત કરવામાં ન આવે તો પ્રિ–ટ્રાયલ કન્વીકશન થાય તેમ છે. તેઓ નામદાર કોર્ટ ફરમાવે તે તમામ

શરતોનું પાલન કરવાની ખાતરી આપે છે. આ તમામ હકીકતો અને જામીનના સંદર્ભમાં નામદાર સુપ્રિમ કોર્ટ અને નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા સ્થાપિત કરવામાં આવેલ સિધ્ધાંતો ધ્યાને લઈ હાલની આ રેગ્યુલર જામીન ઉપર મુકત કરવાની અરજી મંજૂર કરવા અરજ કરેલ છે.

૪. સામાવાળા સરકારશ્રી તરફે વિ.પી.પી.શ્રી ટી.સી.સુળે નાઓએ તેમની દલીલોમાં જણાવેલ છે કે, આ કામનાં અરજદાર/આરોપીએ અન્ય સહઆરોપીઓ સાથે એકબીજાની મદદગારીમાં આઈશર ટેમ્પો નં. ડીડી–૦૧–જે–૯૫૯૦ માં રબરનાં રોલની આડમાં ભારતીય બનાવટની વિદેશી દારૂ – વોડકા તથા ટીન બીયર મળી કુલ નંગ–૧૦૫૧૨, કિંમત રૂ.૨૪,૩૬,૦૦૦/–નો પ્રોહીબીટેડ મુદ્દામાલ ગુજરાત રાજયમાં દારૂબંધી હોવાનું જાણવા છતાં વગર પાસ પરમીટે અને ગેરકાયદેસર રીતે ગુજરાત રાજયમાં વહન કરી લાવતા સમયે રંગે હાથ પકડાઈ ગયેલ છે. અરજદાર/આરોપી સામે પ્રથમ દર્શનીય કેસ છે. ગુનાની તપાસ હાલ ચાલુ છે. વોન્ટેડ સહઆરોપીઓને અટક કરવાના બાકી છે. જો અરજદાર/આરોપીને જામીનમુકત કરવામાં આવશે તો પોતાની આ ગેરકાયદેસરની પ્રવૃત્તિ ચાલુ રાખશે તેમજ તેઓ પુરાવા સાથે ચેડાં કરે અને ઉત્તરપ્રદેશનાં વતની હોઈ ટ્રાયલ દરમ્યાન ગેરહાજર રહે તે શકયતા નકારી શકાય તેમ નથી. તે સંજોગોમાં અરજદાર/આરોપીની જામીન અરજી નામંજૂર કરવા રજૂઆત કરેલ છે.

**૫.** અરજીમાં જણાવેલ હકીકતો, અરજદાર/આરોપી તરફે આંક–૩ નાં લીસ્ટ સાથે રજૂ થયેલ દસ્તાવેજી પુરાવા, સામાવાળા સરકાર તરફે રજૂ થયેલ ત.ક.અમલદારનું સોગંદનામું અને પોલીસ તપાસનાં કાગળો તેમજ બંને પક્ષની રજૂઆતો ધ્યાને લેતા,

(૧) અરજદાર/આરોપીએ અન્ય સહઆરોપીઓ સાથે એકબીજાની મદદગારીમાં આઈશર ટેમ્પો નં. ડીડી–૦૧–જે–૯૫૯૦ માં રબરનાં રોલની આડમાં ભારતીય બનાવટની વિદેશી દારૂ – વોડકા તથા ટીન બીયર મળી કુલ નંગ–૧૦૫૧૨, કિંમત રૂ.૨૪,૩૬,૦૦૦/–નો પ્રોહીબીટેડ મુદ્દામાલ ગુજરાત રાજયમાં દારૂબંધી હોવાનું જાણવા છતાં વગર પાસ પરમીટે અને ગેરકાયદેસર રીતે ગુજરાત રાજયમાં વહન કરી લાવતા સમયે રંગે હાથ પકડાઈ ગયેલ હોવાનો અરજદાર/આરોપી સામે આરોપ છે.

(૨) અરજદાર/આરોપી વિરૂધ્ધ ગુનાની તપાસ હાલ ચાલુ છે.

ઉપરોકત હકીકતો સાથે અરજદાર/આરોપી સામે દાખલ થયેલ ગુનાનો પ્રકાર, અરજદાર/આરોપીની ગુનામાં ભજવેલ ભૂમિકા, ગુનાની ગંભીરતા તથા સજાની જોગવાઈ વિગેરે ધ્યાને લેતાં અરજદાર/આરોપીને આ તબકકે જામીન ઉપર મુકત કરવા માટે ન્યાયિક ડીસ્ક્રેશન વાપરવું કોઈ રીતે યોગ્ય અને ન્યાયિક જણાતુ ન હોઈ અરજદાર/આરોપીની જામીન અરજી અંગે નીચે મુજબનો આખરી હુકમ કરું છું.

**-: હુ ક મ :-**

૧. અરજદાર / આરોપી : વિનોદ જગરામ ચંદન કહાર નાઓની ફોજદારી પરચુરણ (જામીન) અરજી નં. ૨૬૭/૨૦૨૬ 'નામંજૂર' કરવામાં આવે છે.

આ હુકમ આજ તારીખ : ૦૯ માર્ચ, સને ૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**Sd/-**

નવસારી,

**(પ્રતિક જે. તમાકુવાલા)**
સેશન્સ જજ, નવસારી.
CODE No.GJ 00581

તારીખ : ૦૯-૦૩-૨૦૨૬.

A.G.KULKARNI, P.A.